હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આપણાં રાષ્ટ્રપિતા કેટલા મહાન હતા તે એક વાક્યમાં સમજાવુ... એમણે કદી મોબાઇલને હાથ નથી અડાવ્યા...!!!

શહેરમાં ગંભીર ગુનાનો આરોપી પાસા હેઠળ રાજકોટ જેલ હવાલે

ગૌરવ વાઘેલા સામે હત્યાનો પ્રયાસ, ખંડણી, આર્મ્સ એકટ સહિતના ગુના નોંધાયેલ છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૬ બી ખાતે રહેતા માથાભારે શખ્સ ગૌરવ રાજેશભાઈ વાઘેલાને એલસીબી પોલીસે પાસા હેઠળ રાજકોટ જેલ હવાલે કરી દીધો છે. ગાંધીનગર-મહેસાણામાં ગૌરવ સામે હત્યાનો પ્રયાસ, આર્મ્સ એકટ, ધાક-ધમકીઓ સહિત ખંડણીનો ગુનો નોંધાયેલ છે.

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટીએ પ્રારંભિક તબક્કામાં જ જિલ્લામાં ગંભીર ગુના આચરતા આરોપીઓને પાસા હેઠળ જેલમાં ધકેલી દેવા પોલીસ મથકના અધિકારીઓને સુચના આપી દેવાઈ છે.

જેને પગલે એલસીબી-૧ પીઆઈ ડી.બી.વાળાએ રીઢા ગુનેગારોની માહિતી એકઠી કરતા સેકટર-૬ બી પ્લોટ નં.૫૯૮-૨ ખાતે રહેતા મુળ મહેસાણા જિલ્લાના વડસ્મા ગામનો વતની ગૌરવ રાજેશ વાઘેલા સામે ગંભીર ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું હતું.

શહેરના સેકટર-૭ પોલીસ મથક અને મહેસાણાના લાંઘણજ પોલીસ મથક ખાતે હથીયાર, મારામારી કરવી, હત્યાસનો પ્રયાસ, જાનથી મારી નાંખવાની ધમકી આપી જબસજસ્તીથી પૈસા પડાવવા સહિત વિવિધ ગંભીર ગુના ગૌરવ વાઘેલા સામે નોંધાયેલા છે. જેને અનુલક્ષી પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપવામાં આવી હતી. જે દરખાસ્તને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મંજુર કરવામાં આવી હતી. સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનામાં જામીન પર જેલમાંથી છુટીને બહાર આવતા જ પોલીસે પકડી પાડી પુછપરછ કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

સિવિલમાં પાર્કિંગની સમસ્યા યથાવત : નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૫

હાલના સમયે ગાંધીનગર સિવિલમાં આવતા દર્દીના સગાઓએ વાહન પાર્ક ક્યાં કરવુ તે પ્રશ્ન માથાના દુખાવા સમાન છે. સિવિલ કેમ્પસમાં પ્રવેશ કરતા જ માર્ગો પર આડેધડ ગાડીઓના ખડકલા દેખાય છે. કેમ્પસમાં જગ્યાના અભાવે પાર્કિંગની સમસ્યા વકરતા નાગરીકો હેરાન પરેશાન થઈ જાય છે. તેમ છતા સિવિલ તંત્ર પાર્કિંગ મુદ્દે ભેદી મૌન ધારણ કરીને બેઠું છે.

ગાંધીનગર સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલની બાજુમાં પાર્કિંગની જગ્યા હતી તે સ્થાને હાલ ટ્રોમાં સેન્ટર અને મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલનું કામ રાત દિવસ ધમધોકાર ચાલી રહ્યું છે. ઓડીટોરીયમ પાછળ પણ નવી ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું છે. જયારે ઓડીટોરીયમનુ પાર્કિંગ અસામાજીક પ્રવૃતિઓનો અડ્ડો બનતા ગાડી પાર્કિંગ માટે નો એન્ટ્રી છે. ત્યારે દર્દીના સગાઓ, હોસ્પિટલના ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, સહિત મુલાકાતીઓએ વાહનો પાર્ક ક્યાં કરવા તે પ્રશ્ન આવતા સૌ કોઈ માથુ ખંજવાળતા નજરે પડે છે. સિવિલમાં રોડ પર ગાડીઓ અને વાહનનો ખડકલો જોવા મળે છે. ત્યારે પાર્કિંગના પ્રશ્નનું સિવિલ તંત્ર દ્વારા સત્વરે નિરાકરણ નહી લાવવામાં આવે તો આગામી સમયમાં પાર્કિંગનો પ્રશ્ન વધુ જટીલ બનશે. તેમ છતા સિવિલ સત્તાધિશો પાર્કિંગ મુદ્દે મૌન ધારણ કરીને બેઠા છે. જયારે વાહન પાર્કિંગના અભાવે આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. દર્દીના સગાઓ તેમજ સ્ટાફના પણ વાહન ચોરી થઈ જાય છે.

બે માસથી નાસતા ફરતા આરોપી ઝડપાયા

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર એલસીબી-૧ ની ટીમ કલોલ શહેર વિસ્તારના આંબેડકર ત્રણ રસ્તાનજીક આવેલા બ્રીજ પાસે વાહન ચેકીંગ કરી રહી હતી.

તે સમયે કેટા ગાડી નં.જી.જે.૦૧.ડબલ્યું.જી.--૨૮૪૦ ને અટકાવતા તેમાંથી અમદાવાદ શહેરમાં પ્રોહી બીશનમાં તેમજ મારામારીના ગુનાઓમાં છેલ્લા બે માસથી વોન્ટેડ રવિ રાજુભાઈ કૃષ્ણનાણી અને વિશાલ ઉર્ફે વિક્કી રાજુભાઈ કૃષ્ણનાણી (રહે. મકાન નં.૩૬૦-એ સીંધી કોલોની બગીચાની પાછળ સરદારનગર અમદાવાદ) ને પોલીસે પકડી પાડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે આ બંને શખ્સ અમદાવાદના કુખ્યાત બુટલેગર રાજુ ગેંડીના દિકરા હોવાની કબુલાત કરી હતી.

જયારે અમદાવાદમાં પ્રોહીબિશન અને મારામારીના ગુના નોંધાયા હોવાથી બુટલેગર રાજુ ગેંડી અમદાવાદમાંથી તડીપાર છે.

બ્રહ્મ બહેનો દ્વારા શ્રાવણીયા પ્રવાસનું આયોજન

ગાંધીનગર,તા.૫

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા સેકટર-૧૬ ની મુખ્ય સંગઠનની મહિલા પાંખ તરફથી આગામી તા.૨૪ ઓગસ્ટને ગુરુવારના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નારેશ્વર, કબીરવડ, પોઈચા સહિતના ધાર્મિક સ્થાન આવરી લેવાયા છે.

બ્રહ્મ સમાજની બહેનોને જમવા સાથેના પ્રવાસમાં જોડાવાની ઈચ્છા હોય તેઓએ પ્રવાસ ખર્ચ રૂ.૧૧૦૦ પ્રમુખ પ્રવિણાબેન વોરા મો. ૯૪૦૮૦૫૭૯૬૮,અને વિમળાબેન મો.૯૪૨૬૩ ૫૬૦૧૭ પાસે તા.૧૫-૮-૨૩ સુધીમાં જમા કરાવવાના રહેશે.

પાલનપુરના વેપારીને નકલી સોનું બતાવી લુંટવાનો પ્લાન ચિલોડા પોલીસે નિષ્ફળ બનાવ્યો

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહનચેકીંગમાં ટોળકી હથીયાર સાથે ઝડપાઈ હતી

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન લકઝરી બસમાંથી પાંચ શખ્સોને ૨ પિસ્ટલ અને કારતુસ સહિત નકલી સોનાના બિસ્કીટ સાથે ઝડપી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓના બે દિવસના રીમાન્ડ મેળવી પુછતાછ કરતા ટોળકીનો મુખ્ય સુત્રધાર મધુસુદન ઉર્ફે મોનુસીંગ દિલ્હીના શખ્સે સોશ્યલ મીડીયા દ્વારા વેપારીને નકલી સોનુ પધરાવી લુંટવાની ટેકનીક શીખવાડી હતી. ત્યારે પાલનપુરના વેપારીને પોતાનો શિકાર બનાવવા માટે ટોળકી આવી રહી હતી. વેપારીને નકલી સોનાના બિસ્કીટ વિડીયો કોલીંગ દ્વારા બતાવી ૧૦ ટકા ઓછા ભાવે આપવાની વાત કરી હતી.જેથી વેપારીને બિસ્કીટ પધરાવવા આવતા પોલીસે પકડી પાડ્યા હતા.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસે રીમાન્ડ દરમિયાન પુછપરછમાં સામે આવ્યું હતું કે ટોળકીનો મુખ્ય સુત્રધાર મધુસુદન ઉર્ફે મોનુ હોવાનું ધ્યાને આવ્યું છે. તેને લીઝના વેપારમાં અંદાજીત રૂ.૫૦ લાખનુ દેવુ થઈ ગયું હતું. જેથી શોર્ટકટમાં પૈસા કમાવવા માટે અવનવા કિમીયા માટે સોશ્યલમ મીડીયાનો સહારો લીધો હતો. ત્યારે તેણે ફેસબુક અને યુટયુબ ઉપર દિલ્હીના દુબે નામના શખ્સના સોનાના બિસ્કીટ બતાવતા વિડીયો જોયા હતા. ત્યારબાદ દિલ્હીના શખ્સ દ્વારા નકલી સોનુ પધરાવી વેપારીઓને લુંટી લેવાની કળા શીખી હતી. અસલી સોના જેવા દેખાતા નકલી સોનાના ચાર બિસ્કીટ મંગાવ્યા હતા. દિલ્હી અને મથુરાના વેપારીને નકલી સોનુ પધરાવવાનો પ્રયાસ કરતા નિષ્ફળ રહ્યા હતા. ત્યારબાદ દિલ્હીના શખ્સ થકી પાલનપુરના વેપારી સાથે મધુસુદનસીંગે સંપર્ક કર્યો હતો. જેથી વેપારીએ સોનુ ખરીદી માટે રસ દાખવ્યો હતો. જેથી મધુસુદને વેપારીને ૧ કિલોના સોનાના બિસ્કીટ વીડીયો કોલ કરી બતાવ્યા હતા.

ત્યારે વેપારીએ રૂબરૂમાં જોઈ તપાસી ખરીદી માટે જણાવ્યું હતું. જેથી મધુસુદને ગામના એક વ્યકિત પાસેથી હથીયાર ખરીદી કર્યા હતા. ત્યારબાદ ચાર સાગરીતો સાથે મળી વેપારીને નકલી સોનુ બતાવી હથીયારની અણીએ લુંટવાનો પ્લાન ઘડ્યો હતો. ટોળકી કોઈ ગુનાને અંજામ આપે તે પહેલા જ ચિલોડા પોલીસે દબોચી લીધા હતા.

ચંદ્રાલા પાટીયા પાસેથી કારમાંથી ૫૭૬ લીટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના ચંદ્રાલા ગામના પાટીયા પાસેથી એલસીબી-૨ પોલીસે ગાડીમાંથી રૂ.૧૧,૫૬૦ ની કિંમતનો ૫૭૬ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂ, બે મોબાઈલ, ગાડી મળી કુલ રૂ.૩.૧૪ લાખના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી પાડી પાંચ શખ્સ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધાયો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પોલીસની ટીમ ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમય દરમિયાન બાતમી મળી હતી કે એક ગાડી નં. જી.જે.૦૯.બી.એ.-૪૮૮૩ માં દેશીદારૂ ભરી હિંમતનગર થી ચિલોડા તરફ જવાની છે. જેથી પોલીસે ચંદ્રાલા ગામના પાટીયા પાસે વોચ ગોઠવી હતી.ત બાતમીવાળી ગાડી આવતા ઈશારો કરી રોકી પાડી હતી. ત્યારબાદ ગાડીમાં તપાસ કરતા અંદરથી દેશી દારૂના કોથળા મળી આવ્યા હતા. જેમાં ૫૭૬ લિટર દેશી દારૂ ભરેલો હતો. પોલીસે ગાડીના ચાલક અનોપસિંહ દલપતસિંહ સિસોદીયા (હાલ રહે મહાદેવ મંદિરની બાજુમાં હંસપુરા ગામ નરોડા મુળ રહે. દાણા વિસ્તાર જાવતુ ગામ તા.સરડા જિ.ઉદેપુર રાજસ્થાન)ને પકડી પાડ્યો હતો. પોલીસે ચાલકની પુછપરછ કરતા તેણે પોતે નરોડા ખાતે રહેતો હોવાથી હંસપુરા ખાતે તેના શેઠ રઘુનાથસિંહ ઉર્ફે રવિ રોડ સિંહ રાઠોડે કહ્યું કે વિરેન્દ્રસિંહ રંગુસિંહ રાઠોડ (રહે અંબાવાડી તલોદ), કાળુસિંહ રહેવરસિંહ ઝાલા તેમજ પાલસિંહ ગુલાબસિંહ ઝાલા (બંને રહે માવાની મુવાડી તા તલોદ), એ દેશી દારૂનો જથ્થો ભેગો કર્યો છે.

જેથી શેઠના કહેવા પ્રમાણે તલોદ પેટ્રોલ પંપ ખાતે ગયો હતો. ત્યાંથી રઘુને કોલ કરતા એક શખ્સ આવીને ગાડી લઈ ગયો હતો અને દારૂ ભરીને આપી ગયો હતો. પોલીસે તમામ પાંચ શખ્સો સામે દેશી દારૂનો ગુનો નોંધી રૂ.૩.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજે શ્વસન-સ્વાસ્થયનો વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર-૭ ભારતમાતા મંદિર ખાતે વકતા બિપિન ત્રિવેદી દ્વારા શ્વસન અને સ્વાસ્થય અંગે વાર્તાલાપ તા.૬ ઓગસ્ટને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ કાર્યક્રમનો લાભ લેવા માટે સૌ નગરજનોને હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

વન મહોત્સવ એ વૃક્ષ વાવેતર અને વૃક્ષ જતન મહોત્સવ

૭૪માં વન મહોત્સવની ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી

ગાંધીનગર,તા.૦૫

૭૪ માં વન મહોત્સવ ૨૦૨૩ અંતર્ગત આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી મેયરશ્રી હિતેશભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને સેકટર-૧૫, ગાંધીનગર ખાતે કરવામાં આવી. આ દરમિયાન મેયરશ્રીએ અને ઉપસ્થિત મહાનુભાવો એ વૃક્ષારોપણ કર્યું હતું.

આ દરમિયાન મેયરશ્રી એ જણાવ્યું હતું કે વન મહોત્સવ એ વૃક્ષ વાવેતર અને વૃક્ષ જતન મહોત્સવ છે. વૃક્ષ ઉછેરમાં સમાજના તમામ લોકો ઉત્સાહભેર સામેલ થઈને ભાગ લે તે હેતુસર આ વન મહોત્સવ ઉજવવામાં આવે છે.

કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી શ્રી તેમજ ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ શ્રી અમિતભાઈ શાહ સાહેબ ના માર્ગદર્શન હેઠળ "ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા" અંતર્ગત મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. તેમજ ગાંધીનગર મહાનગર પાલિકા પણ મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરીને ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવા માટે સતત કાર્યરત છે. વધુમાં મેયરશ્રી એ સૌના સહકારથી સુરક્ષિત પર્યાવરણનું નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ગોપાલક કન્યા કેળવણીના મંત્રીશ્રી લલ્લુભાઈ દેસાઈ, નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. સક્કિરા બેગમ, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, મ્યુ. કમિશનરશ્રી જે.એન.વાઘેલા, શહેર મહામંત્રીશ્રી, કાઉન્સિલરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૦૫

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લાલકિલા પરથી આપેલા પંચ પ્રાણનાં સંકલ્પ, પર્યાવરણ અને જળવાયું પરિવર્તનને પ્રભાવિત કરવા વાળા પરિબળો'' વિષય પર પર વિવિધ સ્પર્ધાઓ જેવીકે નિબંધ લેખન, સુત્ર લેખન અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત દત્તક લીધેલ ગામોની પ્રાથમિક શાળાઓ સાદરા પ્રાથમિક શાળા અને કલ્યાણપુરા પ્રાથમિક શાળામા કરવામાં આવ્યું છે. જેમાં બન્ને પ્રાથમિક શાળાના લગભગ ૫૦ વિદ્યાર્થી ભાઈ અને બહ્નોએ ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમ માટે ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સ્વય સેવકોને યોગ્ય માર્ગદર્શનઆપ્યો હતો સ્વય સેવકો શાળાઓમાં જઈ ગાંધીજી દ્વારા આપેલા પર્યાવરણ સંદર્ભમાં કરેલા રચનાત્મક કાર્યો અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપેલા આહવાન મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અને આઝાદીનાં અમૃત મહોત્સવ કાર્યક્રમની ચર્ચા કરી રહ્યા છે વિશેષમા આ સંપૂર્ણ કાર્યક્રમમાં સંસ્થાના રાસેયોન સ્વય સેવક

ચિરાગ ઓડ, પ્રતિક ભટ્ટ, ખંજન મકવાણા, નરેશ ઠાકોર, વિરલ ચૌધરી, યશ ચૌધરી, શામળ ડાભી, ચંદ્રભાન મકવાણાનાં નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. જયારે રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામશ્રી ડૉ નીરજ સિલાવટ આ કાર્યક્રમની ભૂમિકા અને પ્રાસંગિકતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સમજાવી હતી સાથે સાથે આવતા દિવસોમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લાલકિલા પરથી આપેલા પંચ પ્રાણનાં સંકલ્પ અને પ્રતિજ્ઞા પણ વિદ્યાર્થી સ્વયંસેવક દ્વારા લેવડાવવામાં આવશે અને તારીખ ૯ ઓગસ્ટનાં દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું આહવાન પ્રમાણે વિશાલ વૃક્ષારોપણ પણ કરવામાં આવશે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું

શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત

ગાંધીનગર, તા. ૫

શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા તા.૨-૮-૨૦૨૩ને બુધવારના રોજ ધોરણ-૫ ના ૨૦૨ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષક મિત્રોએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત સ્કૂલ બસ દ્વારા લેવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં ગીર ફાઉન્ડેશન દ્વારા નીમવામાં આવેલ સરકારી અધિકારી દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન વિશે જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ અલગ-અલગ જંગલી પ્રાણીઓ અને પક્ષીઓનું નિરીક્ષણ કરી તેમના વિશે માહિતી તથા બોટનીકલ ગાર્ડન તથા ઉર્જા બચતની પણ માહિતી આપવામાં આવી હતી. બાળકોએ આ મુલાકાત દરમ્યાન ખૂબ જ આનંદ મેળવ્યો હતો.

'અધિક શ્રાવણમાસ' પુસ્તકનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન થયું



ગાંધીનગર,તા.૦૫

નવભારત સાહિત્ય મંદિર આયોજિત તા. ૪-૮-૨૦૨૩ના રોજ સુશીલાબેન હોલ ખાતે જાણીતા લેખક રક્ષા શુક્લ - હરદ્વાર ગોસ્વામી લિખિત 'અધિક શ્રાવણસુવાસ' ગ્રંથનું વિમોચન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે થયું હતું. અધિક શ્રાવણમાસ નિમિત્તે આ ગ્રંથ સંશોધન અને શાસ્ત્રોક્ત આધારિત ભારતીય ભાષામાં સૌપ્રથમવાર લખાયો છે.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રી જયેન્દ્રસિંહ જાદવ, રાજ ભાસ્કર, નવભારતના મહેન્દ્રભાઈ શાહ ઈત્યાદિ સુપ્રસિદ્ધ સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્યરસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રાવણ મહિના નિમિત્તે ખાસ ધાર્મિક પુસ્તકોનું પ્રદર્શન પણ યોજાયું હતું. એ સિવાય પણ પુસ્તકમેળામાં વિવિધ વિષયના વિવિધ ભાષાઓના ૨૫ હજાર પુસ્તકોનું પ્રદર્શન યોજાયું છે. તા. ૨૦ ઓગસ્ટ સુધી ચાલનારા સાહિત્યના આ મહામેળાવડામાં 'ઓથર્સ કોર્નર' અંતર્ગત લોકપ્રિય લેખકોને મળી શકાશે. પ્રવેશ વિનામૂલ્યે રહેશે. વધુ વિગત માટે ૯૮૨૫૦૩૨૩૪૦ પર સંપર્ક કરવો.